રાજકોટના મહે ચોથા એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં રાજકોટ

CC NO.11546/2020

આંક–૧ નીચે હુકમ

(1) આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી ના ઉપક્રમે નેશનલ લોકઅદાલત યોજવામાં આવેલ છે અને નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ નામ તથા નામદાર જિલ્લા અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પેશિયલ સીટિંગનું આયોજન કરાયેલ છે.

(2) સદર કેસમાં રેકોર્ડ જોવામાં આવે તો કે જૂનો છે આરોપી સામે આક્ષેપ ગુનાની સજા ની જોગવાઈ ધ્યાને લેતા હાલનો કેસ સમન્સ/ સમરી ટ્રાયબલ છે. કેસનું રોજકામ જોવામાં આવે તો આરોપી સામે સમય આંતરે અને વારંવાર પ્રોસેસ કાઢવામાં આવેલ છે. પરંતુ આરોપીને સામે કાઢવામાં આવેલ પ્રોસેસ પોલીસ તરફથી આરોપી મળી આવતો ન હોય કે આરોપી બીજે રહેવા માટે જતા રહેલા હોય અને હાલમાં ક્યાં રહે છે તે અંગેનું સરનામું ઉપલબ્ધ ન હોવાના શેરા સાથે પરત આવેલા છે ઘણા કિસ્સામાં બજે કે વગર બજે પરત પણ ફરેલ નથી તથા આરોપી પણ અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે ફરિયાદી પક્ષ આરોપીને હાજર રાખવામાં સફળ થયેલ નથી. આમ સતત કે ઘણા લાંબા સમયથી આરોપીની ગેરહાજરીને કારણે પેન્ડિંગ છે. જેથી ન્યાયિક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી આથી આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રના હવે વધુ તકો આપવી જણાતું નથી આ તબક્કે સી.આર.પી.સી.ક.૨૫૮ ધ્યાને લેવામાં આવે છે જે નીચે મુજબ છે.

**Section 258 in The Code Of Criminal Procedure, 1973**

258. Power to stop proceedings in certain cases. In any summons– case instituted otherwise than upon complaint, a Magistrate of the first class or, with the previous sanction of the Chief Judicial Magistrate, any other Judicial Magistrate, may, for reasons to be recorded by him, stop the proceedings at any stage without pronouncing any judgment and where such stoppage of proceedings is made after the evidence of the principal witnesses has been recorded, pronounce a judgment of acquittal, and in any other case, release the accused, and such release shall have the effect of discharge.

પી રામચંદ્ર વિરુદ્ધ કર્ણાટક રાજ્ય **2002(2)** જી. એલ. આર. પાના નંબર **1549** ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં માનનીય સાત ન્યાયાધીશોની ખંડપીઠે ઠરાવ્યું છે કે "**The Criminal Courts should exercise their available powers**

**such as those under Sections** 309, 311, 258 **of the code of Criminal Procedure,** 1973 **to effectuate the right to speedy trial**." આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નંબર **2917/2006** તારીખ **17-10-2006** ના નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા નીચલી અદાલતો ને એવી સૂચના આપવામાં આવે છે કે આરોપીઓને અદાલત સમક્ષ હાજર રાખવા બાબતે અદાલતો પોલીસતંત્ર અને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સી.આર.પી.સી.કલમ 258 અને સત્તાનો ઉપયોગ કરવો.

(3) વધુમાં હાલના કેસની હકીકતો ધ્યાને લેવામાં આવે તો આરોપી ઉપર ઇ.પી.કો કલમ 269 હેઠળ નો આરોપ મૂકવામાં આવેલો છે. ફરિયાદની હકીકતો ધ્યાને લેતા આરોપીએ કોવિડ-19 ના સમયગાળામાં જરૂર વગર બહાર ન નીકળવાના જાહેરનામાના ભંગ બદલ આ આરોપ મૂકવામાં આવેલા હોવાનું જણાઇ આવે છે. જે અંગે ઇ.પી.કો કલમ 269 હેઠળની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો,

"269. **Negligent act likely to spread infection of disease danger-ous to life.—**
**Whoever unlawfully or negligently does any act which is, and which he knows or has reason to believe to be, likely to spread the infection of any disease dangerous to life, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine, or with both**."

અત્રે આરોપી ઉપર મૂકવામાં આવેલા આરોપને ઇ.પી.કો કલમ 269 ના પરિપેક્ષમાં ચર્ચા કરવામાં આવે તો**, "Reason to Believe"** ને ઇ.પી.કો કલમ 26 માં જણાવેલી વ્યાખ્યા ના સંદર્ભમાં જોતા કોઈ વ્યક્તિને ખરેખર તે હકીકત માનવાને પૂરતું કારણ હોય ત્યારે "**Reason to Believe"** કહી શકાય તેના સિવાય નહીં. **"Reason to Believe"** એ કોઈપણ શંકા અને સંદેહ કરતા અલગ છે. અને આવી શંકા કે સંદેહ જ્યાં સુધી માનવાને પૂરતા કારણ સુધી વિસ્તરે નહીં ત્યાં સુધી તે "**Reason to Believe"** કહી શકાય નહીં. અને "**He knows"** પણ જે તે વ્યક્તિ ચોક્કસપણે તે હકીકત માનતી હોય કે તે હકીકત ઇન્દ્રિય વડે તેણે મહેસુસ કરેલી હોય ત્યારે તે વ્યક્તિ તે હકીકત જાણે છે તેવું માની શકાય. આજ બાબત અલ્હાબાદ હાઇકોર્ટ દ્વારા **Dr. Smt. Prabha Malhotra And Ors. vs State ,** 2000 **CriLJ** 549 ના ચુકાદામાં ઠરાવવામાં આવેલી છે. આમ હાલના કેસના સંબંધમાં જોવામાં આવે તો આરોપીને તેના કૃત્ય વડે ચેપગ્રસ્ત રોગનો ફેલાવો થશે તે અંગેની જાણ હોય કે તેવું માનવાને કારણ હોય તેવા સંજોગોમાં જ ઇ.પી.કો કલમ 269 મુજબનુ તોહમત ટકી શકે. માત્ર આવી શંકા કે સંદેહ હોવાના કારણસર ઇ.પી.કો કલમ 269 મુજબ આરોપી વિરુદ્ધ ટકી શકે નહીં.

(4) આ ઉપરાંત કોવિડ-19 અંગેના જાહેરનામા અંગેના ભંગ બાબતે વિવિધ રાજ્યની વડી અદાલતો દ્વારા આપવામાં આવેલા કેટલાક ચુકાદાઓ ધ્યાને લેવામાં આવે તો નામદાર પંજાબ અને હરિયાણા હાઈકોર્ટ દ્વારા **Pawan Giri And Ors vs State Of Haryana** ના **CRM-M-51595-2021 (O&M)** અને **Sidak Singh Sandhu vs Ut Chd And Anr** ના **CRM-M-19407-2022 (O&M)** ના ચુકાદા, નામદાર બોમ્બે હાઈકોર્ટ ના **Hla Shwe** & 7 **Others vs State Of Mah. Thr. Ps Tehsil Nagpur** ના **CRIMINAL APPLICATION (APL) NO.** 453 **OF** 2020 અને નામદાર મદ્રાસ હાઈકોર્ટના **Azhagupandiyan @ Pandiyan .Vs.State** ના **Crl.O.P.No.**21424 **of** 2021 ચુકાદાઓમાં ઠરાવવામાં આવેલું છે કે ઈ.પી.કો કલમ 269 નો ગુનો ત્યારે જ બની શકે છે જ્યારે આરોપીએ ખરેખર તેવું કોઈ કૃત્ય કરેલું હોય કે જેના કારણે ચેપ કે રોગનો ફેલાવો થયેલો હોય. વધુમાં આરોપી જ્યારે કોવિડ-19 વાયરસથી ચેપ ગ્રસ્ત બનેલો હોય અને તેમ છતાં પણ તેણે આ ચેપનો ફેલાવો થશે તેવી જાણ હોવા છતાં કોઈ એવું કૃત્ય ગેરકાયદેસર રીતે કે બેદરકારીથી કરેલું હોય અને તેના કારણે આવા રોગનો ફેલાવો થયેલો હોય તેવા કિસ્સામાં જ ઈ.પી.કો કલમ 269 હેઠળનું તોહમત ટકી શકે. પરંતુ જ્યારે આરોપીએ કોવિડ 19 અંગેના લોક્ડાઉન ના જાહેરનામાનોનો ભંગ કરેલો હોય પરંતુ આરોપી આવા કોઈ રોગથી ચેપગ્રસ્ત હોય નહી તે કિસ્સામાં આરોપી વિરુદ્ધ ઈ.પી.કો કલમ 269 મુજબનું ટકી શકે નહીં અને આ બધા જ ચુકાદામાંમાં આરોપીઓ વિરુદ્ધ ની ફરિયાદ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ 482 હેઠળ ક્વોશ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(5) આમ ઉપરોક્ત કરેલી કાયદાકીય ચર્ચાને હાલના કેસના પરિપ્રેક્ષમાં ચર્ચા કરવામાં આવે તો ફરિયાદની હકીકતો અને તપાસના કાગળો વંચાણે લેવામાં આવે તો આરોપીએ કોવિડ-19 અંગેના લોક્ડાઉન ના જાહેરનામાનો ભંગ કરીને ચેપગ્રસ્ત રોગને ફેલાવેલા હોવાનો આરોપ મૂકવામાં આવેલ છે. પરંતુ આ કામે આરોપીનો કોવિડ-19 નો કોઈ રિપોર્ટ કરવામાં આવેલો હોય કે આરોપી ખરેખર ચેપગ્રસ્ત થયેલા હોવાની કોઈ હકીકત રેકોર્ડ ઉપર આવેલી નથી. વધુમાં આ કામના આરોપી કોવિડ-19 કોઈ લક્ષણો ધરાવતા હતા તેવો કોઈ આક્ષેપ પણ ફરિયાદ હકીકત જોતા જણાઈ આવતો નથી. આમ આવા સંજોગોમાં હાલના આરોપીએ ખરેખર આ રોગના વાયરસના વાહક તરીકે કામ કરેલું છે અને તેમણે રોગનો ફેલાવો કરેલ છે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં આરોપી ખરેખર કોવિડ-19 થી ચેપગ્રસ્ત હતા અને તેઓ આ હકીકત જાણતા હતા અને તેઓએ કરેલા કૃત્યના કારણે જીવલેણ ચેપી રોગ નો ફેલાવો થશે તે હકીકતને માનવાને પુરતુ કારણ હોવા છતાં કે તે જાણવા છતાં તેમના દ્વારા કોઈ ગેરકાયદેસરનુ કે બેદરકારી ભર્યું કૃત્ય કરેલું હોય તેવી કોઈ હકીકત ફરિયાદ પક્ષની ફરિયાદ કે તપાસના કાગળો વંચાણે લેતા જણાઈ આવતી નથી. વધુમાં આ કામે પંચનામું પણ કરવામાં આવેલું છે તેવા સંજોગોમાં જ્યારે કોવિડ-19 અંગેનો લોકડાઉનનું જાહેરનામું અસ્તિત્વમાં હતું તેવા સંજોગોમાં તપાસ કરનાર અમલદારને પંચ સાહેદો પણ ક્યાંથી મળી આવેલા અને કોવિડ-19 ના ફેલાવવાનો ભય હતો તેવા સંજોગોમાં તેઓને કેમ બોલાવવામાં આવેલા તે હકીકત પણ

ફરિયાદ પક્ષના કેસ પર શંકા ઉભી કરે છે. આમ આ સમગ્ર હકીકત ધ્યાને લેતા આરોપી વિરુદ્ધ ઇ.પી.કો કલમ 269 મુજબ નો ગુન્હો આગળ ચલાવવા માટેનાના તત્વો ફરિયાદમાં જણાઈ આવતા નથી.

(6) આથી કેસની હકીકતો કાર્યવાહીઓ નો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય. હવે વધુ સમય પોલીસતંત્રના આવવું તે વ્યાજબી જણાતું ન હોય નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા આપેલ ગાઈડ લાઈન ધ્યાને લેતા. અને આરોપી વિરુદ્ધ ઇપીકો કલમ 269 મુજબનો કેસ ચલાવવા માટેનું પૂરતું કારણ જણાતું ન હોય. અત્રેની અદાલતમાં ફોજદારી કાર્યરીતી સંહિતા 1973 ની કલમ 258 ની જોગવાઈ અન્વયે કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને યોગ્ય જણાઈ આવે છે આથી નીચે મુજબના આપવાનો હુકમ કરવામાં આવે છે.

<u>હુકમ</u>

1. ફોજદારી કાર્યરીતિ સંહિતા 1973 ની કલમ 258 મુજબ આરોપી સામે ના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.
2. આરોપીઓના જાત મુચરકો તથા જામીન રદ કરવામાં આવે છે જો આરોપી જામીનગીરી પેટે જમા કરાવેલ હોય તો તે રકમ નાઝીરશ્રીને ફોજદારી કાર્યરીતી સંહિતા 1973 ની કલમ 446 સરકારી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.
3. આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા બિન કિંમતી મુદ્દામાલ અને કિંમતી મુદ્દામાલ જો હોય તો તેનો અપીલ સમય બાદ ક્રિમિનલ મેન્યુઅલ ની જોગવાઈ મુજબ નિયમાનુસાર નિકાલ કરવાનું કહેવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશિયલ સેટિંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૧–૦૨–૨૦૨૩<br>
સ્થળ: રાજકોટ

(કુ.વિનતી)<br>
જથા એડી. જયુડી. મેજી.ફ.ક.<br>
રાજકોટ<br>
જી.જે.૦૧૫૫૦